# વિધાનસભાની ચૂંટણીમાં પાટીદારો કોના ?




ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. ડિસેમ્બરના મધ્ય ભાગમાં જ નક્કી થઈ જશે કે આવનારા ૫ વર્ષમાં ગુજરાતમાં કોનું રાજ ચાલશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં અન્ય કોઈ પણ ચૂંટણીની જેમ આ વખતે જાતિવાદનું ગણિત જોરમાં છે. વિકાસના નામે આટલો વખત જીતતી આવતી ભાજપ સરકારને પણ આ વખતે પાટીદાર કોના? દલિતો કોના? કોળી સમાજના વોટ કોને જશે તેવા સવાલો પુછવાનો વારો આવ્યો છે. હાર્દિક પટેલ આ સમગ્ર ચૂંટણીમાં એક મહત્વનું પાસું બન્યો છે. જાતિવાદનું ગણિત જોતા કહેવાય છે કે ભાજપની ૧૮૨ સીટો માંથી ૫૦ થી ૬૦ સીટો પર પાટીદારો અસર કરી શકે છે. પણ જાતિવાદનું આ ગણિત સમજતા પહેલા પાટીદારો કોના અને કેમ તે જાણવું પણ એટલું જ જરૂરી છે. વિગતવાર જાણો અહીં...

પાટીદાર સમાજમાં એક વર્ગ છે જેમની પાસે મની-પાવર બધુ જ છે. અને એક વર્ગ તેવા પણ છે જે આજે પણ ખેતી કે સામાન્ય નોકરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. પાટીદારોમાં કડવા અને લેઉઆની સાથે જ પૈસાદાર અને સામાન્ય કે મધ્યમ પાટીદાર પરિવારમાં વર્ગીકૃત થાય છે. ત્યારે પાટીદાર અનામત આંદોલનની લડાઈ પણ પાટીદારોના આ જ બે વર્ગો પર આધારીત છે. પાટીદારોમાંથી કુલ ૪૦ ટકા પાટીદારો પૈસાદાર છે. તેમની પાસે પોતાનો કરોડોનો વેપાર છે. સમાજમાં ઓળખ છે અને રાજકીય પાવર અને વગ પણ ધરાવે છે. આમાંથી કેટલાક પાટીદારો ભાજપ સરકાર સાથે પણ જોડાયેલા છે. તેમના વેપારને વિકાસની પૂરતી તકો ભાજપની સરકારે આપી છે. જેના કારણે આ ૪૦ ટકા પાટીદારો આવનારી ચૂંટણીમાં તેમનું બિઝનેસ સેટિંગ બરાબર ચાલતું રહે તે માટે ભાજપને જ વોટ કરશે તેવી સંભાવના રહેલી છે.



આ અન્ય ૬૦ ટકા પાટીદારો મધ્યથી સામાન્ય પરિવારમાં આવે છે. ટૂંકમાં કહીએ તો હાર્દિકની જેમ વિરમગામના મધ્યમ પરિવારમાંથી આવતા લોકો. તેમની પાસે ખેતી છે. સામાન્ય નોકરી છે. પણ પૈસાની સદ્ધરતા નથી. તેમને પણ વિકાસ જોઈએ છે. તેમને પણ તેમના બાળકો અને આવનારી પેઢીની આર્થિક સદ્ધરતા જોઈએ અને આ જ કારણ છે કે તે હાર્દિક અને અનામતની માંગ સાથે સીધી રીતે પોતાની જાતને જોડી શકે છે. અને આ જ કારણે આ ૬૦ ટકા લોકો ભાજપને વોટ આપશે તેવી સંભાવનાઓ ઓછી છે.

ચોક્કસથી ગુજરાતમાં ૨૪ કલાક વિજળી છે. પાણીની સમસ્યા પહેલા કરતા ઓછી થઈ છે. રસ્તાઓ શહેરોમાં સારા છે. પણ આ જે ૬૦ ટકા પાટીદારો છે તે શહેરોમાં નહીં ગામડાથી આવે છે. ભાજપને હંમેશાથી શહેરી પાર્ટી માનવામાં આવે છે. શહેરી લોકો ભાજપની સુખ સવિધાઓથી વધુ ખુશ જોવા મળે છે. પણ ગામડામાં ભાજપ હજી પણ ધીરે ધીરે પગ પેસારો કરી રહ્યો છે. અને આ ગોકળગતિ આ ચૂંટણીમાં પણ ભાજપની મુશ્કેલી વધારવાની છે.

હાર્દિક પટેલને યુવા પાટીદાર લોકો વધુ માને છે. જો કે ૫૦ વર્ષથી વધુ વય વાળા લોકો હાર્દિકના જુવાળને સંપૂર્ણ પણે સમજી નથી શક્યા. નવ યુવકોને હાર્દિકને વાતો તેમના પ્રશ્નોને કોઈએ વાચા આપી તેવી લાગે છે કારણ કે તેમને રોજગાર જોઈએ છે. વસ્તી વધારા સાથે જ રોજગારી ભારત જેવા દેશની જ નહીં વૈશ્વિક સ્તરે જ એક મોટો પડકાર બનીને ઊભી થઈ છે. ત્યારે પાટીદાર કોના તે સમજવા માટે પૈસાનું આ પાટીદાર ફેક્ટર સમજવું પણ એટલું જ જરૂરી છે.



રાજ્યમાં ચૂંટણીની જાહેરાત થતાં જ રાજ્ય સરકારની વિવિધ જાહેરાતોનાં હોર્ડીંગ્સ ઉતારી લેવાની કામગીરીનો ગાંધીનગર શહેરમાં આરંભ કરવામાં આવ્યો હતો. ૩૦૦ જેટલાં હોર્ડીંગ્સ શહેરમાંથી ઉતારી લેવામાં આવ્યાં હતાં.

# બાબુ બોખિરીયાનો વિડીયો વાઈરલ થયો

જેવી ચૂંટણીની તારીખો જાહેર થઈ કે સોશિયલ મીડિયામાં ગરમાવો આવી ગયો છે. કેબિનેટ મંત્રી બાબુ બોખિરીયાનો એક વીડિયો હાલ વાઈરલ થયો છે. તેમના '૧૯૪૭માં લોકો નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તેવુ વિચારતા' ના નિવેદનથી રમૂજ ફેલાઈ છે. લોકોમાં નેતાઓના નિવેદનોને લઈને આશ્ચર્યજનક રમૂજ જોવા મળી રહી છે. પોરબંદરની બેઠક ઉપરથી ભાજપના ઉમેદવાર તરીકે કેબિનેટ મંત્રી બાબુ બોખીરિયા મેદાનમાં ઉતરશે તો કોંગ્રેસના દિગ્ગજ નેતા અર્જુન મોઢવાડિયા તેમને પડકાર ફેંકશે. પોરબંદર બેઠક ઉપર મહેર મતદારોનું વર્ચસ્વ છે. બંને ઉમેદવારો પણ મહેર જ્ઞાતિના હોવાથી મહેર મતોના ભાગલા પડે છે.

જેથી આ વખતે મહેર નહીં પણ અન્ય જ્ઞાતિઓના મતો પોતાની તરફ વાળનારા ઉમેદવારની જીત થશે તેવું વિશ્લેષકો માની રહ્યાં છે. પોરબંદર બેઠક ઉપરથી મંત્રી બોખીરિયાની જીત સહેલી નથી કેમ કે, મોઢવાડિયા તેમની સામે મજબૂત પડકાર છે. જોકે, એટલુ તો જરૂર કહી શકાય કે, પોરબંદરની બેઠકો ઉપર છેલ્લા પાંચ વર્ષથી પરસેવો પાડનારા અને મતદારોના દિલ જીતનારા ઉમેદવારને સફળતા મળશે. કંઈપણ આકલન શક્ય નથી.

# ચૂંટણી આવે ને આતંકવાદી પકડાય એ કેવું ?

ગાંધીનગર, તા. ૨૬

તમે નરેન્દ્ર મોદી સાથે સહમત છો અથવા તેમના વિરોધી છો. પણ આ દેશમાં વસનાર તમામ કોમ અને ધર્મના લોકો આતંકના વિરોધી છે તેમા કોઈ બે મત નથી. આંતકી હિન્દુ હોય અથવા મુસ્લિમ હોય, આતંકીને કોઈ પણ સંજોગોમાં માફ કરી શકાય નહીં, પણ સંજોગ એવા ઉભા થયા છે અને થતાં આવ્યા છે કે ગુજરાતમાં જ્યારે પણ ભાજપની સ્થિતિ ખરાબ થાય ત્યારે આંતકવાદી પકડાય, બોમ્બ પકડાય અથવા કોઈ આતંકી ઠાર થાય અથવા આંતકી હુમલો થાય. આ બધા સંજોગ હોઈ શકે છે, છતાં છેલ્લાં વીસ વર્ષથી ગુજરાતમાં આંતકવાદના નામે જે કંઈ બન્યુ છે તેમાં ગુજરાત પોલીસ અને ગુજરાત સરકાર ઉપર કોઈને પણ શંકા ઉપજે તે સ્વભાવિક છે.

એક સિનિયર પત્રકાર દ્વારા ઊઠાવવામાં આવેલા આ મુદ્દા આજકાલ ચર્ચાના વિષય બન્યા છે. પત્રકાર આગળ જણાવે છે, એક ક્રાઈમ રીપોર્ટર તરીકે મેં પોલીસ અધિકારીને નજીકથી જોયા છે અને તેમના ઈરાદાઓને નજીકથી તપાસ્યા છે. ગુજરાત એટીએસના વડા એ. કે. સુરોલીયા અને એસપી હિમાંશુ શુક્લને વ્યક્તિગત ઓળખુ છુ તેવો દાવો કરવો તેમા હું ખોટો નહીં પડુ તેવો વિશ્વાસ રાખુ છુ. પોલીસ કામ કરે ત્યારે ભુલ થવાની સંભાવના છે તેની મને ખબર છે. ભુતકાળમાં આઈએસઆઈના એજન્ટ તરીકે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અનેક લોકોને પકડ્યા હતા, જેમાં જામનગર કોર્પોરેશનને એક ડ્રાઈવર પણ હતો, જેની સામે કેસ પણ થયો અને તેની ધરપકડ પણ થઈ પણ બાદમાં ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી તરીકે હિમાંશુ શુકલને પોતાની ભુલ સમજાઈ અને તેમણે કોર્ટને જાણ કરી કે જામનગરનો ડ્રાઈવર આંતકી નથી, જેના કારણે તે છુટી ગયો.

કોઈ આતંકી હોય તેને સજા થાય તેમાં કોઈ વાંધો નથી, તેને માફ કોઈ સંજોગોમાં કરી શકાય નહીં,




વાત મુસ્લિમ તુષ્ટીકરણ નથી, મુસ્લિમ આતંકીને પણ કાયદની જોગવાઈ પ્રમાણે સજા થવી જોઈએ. આપણે સામાન્ય નાગરિક છીએ, આપણને રાજકારણ સાથે કોઈ નોસ્બત નથી. આતંકી ગમે ત્યાં હુમલો કરશે જેમાં તમે હું અને આપણો પરિવાર પણ હોઈ શકે છે. ત્યારે આતંકવાદ સામે આપણો ગુસ્સો હોવો જોઈએ તે આજે પણ છે. સવાલ માત્ર ટાઈમીંગનો છો. આ એક સંજોગ પણ હોઈ શકે, ગુજરાત એટીએસ દ્વારા પકડવામાં આવેલા બે આતંકવાદીઓ કોણ છે છે અને ખરેખર શુ હકિકત છે તે કહેવાની ઉતાવળ ભાજપ, કોંગ્રેસ અથવા મુસ્લિમોએ કરવી જોઈએ નહીં. જો તેઓ ખરેખર ગુનેગાર છે તો તેમને સજા મળવી જ જોઈએ તેવો દરેક ભારતીયનો આગ્રહ હોવો જોઈએ. પોલીસને તપાસનો સમય આપવો જોઈએ.

આપણી કમનસબી એવી છે કે આંતકવાદના નામે ચાલતા રાજરકારણ અંગે બોલવાનો અર્થ સરળ રીતે એવો કરી લેવામાં આવે છે કે તમે રાષ્ટ્ર વિરોધી છો અથવા કોંગ્રેસી છો અથવા કહેવતા બિનસાપ્રદાયિક છો. હું કોણ છુ અથવા તમે કોણ છો તેનું પ્રમાણપત્ર આપણે કોઈની પાસેથી લેવાની જરૂર નથી અને કોઈએ પ્રમાણપત્ર આપવાની જરૂર નથી કારણ આપણે કોણ છીએ તે આપણા કરતા વધુ કોઈ સારી રીતે જાણી શકતુ નથી. ગુજરાત એટીએસ દ્વારા જે આતંકી પકડવામાં આવ્યા તેની ઉપર આવનાર દિવસોમાં ભાજપ અને કોંગ્રેસ પોતાનું રાજકારણ રમશે કારણ તે તેમનો ધંધો છે. આપણે પ્રજા છીએ આપણે માથા ઉપર બરફ રાખી વિચાર કરવાનો છે કોણ સાચો અને કોણ ખોટો છે. દરેકનો વ્યક્તિગત મત હોઈ શકે, પણ ગુજરાતમાં જ્યારે પણ આંતકી પકડાયો અથવા ઠાર મરાયો ત્યારે ચૂંટણી હતી, માથા ઉપર હતી, આનો જવાબ તો આંતકી જ આપી શકે અથવા આપણા રાજકારણી કે કેમ આવુ ચૂંટણી વખતે જ થાય છે ?

# ભાજપ હાર્દિકને ડરાવી કે દબાવી નહિ શકે : શક્તિસિંહ

ગાંધીનગર,તા.૨૬

પાસ કન્વીનર હાર્દિક પટેલને વોરંટ ઈશ્યૂ કરવાની બાબત પર પૂર્વ વિપક્ષી નેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે, ભાજપ સરકાર હાર ભાળી ગયું છે. સરકાર હાર્દિકને ડરાવી કે દબાવી નહિ શકે. પાટીદારોએ ભાજપને નોટ અને વોટ બંને આપ્યા હતા, પણ ભાજપે તેમની પર અત્યાચાર ગુજાર્યો અને હવે વોરંટ કાઢી રહ્યા છે. કોર્ટમાં આ મામલે સરકાર પક્ષે ચૂંટણી પછીની તારીખ આપવા રજૂઆત કરવી જોઈએ. ભાજપ પર જાસૂસીનો આરોપ લગાવતા તેમણે કહ્યું હતું કે, સરકાર કોણ કોને મળે છે તેની ચિંતા કરી રહી છે. બીજી તરફ કોંગ્રેસે ખાનગી હોટેલમાં જાસૂસી મામલે શું પગલાં ભરી શકાય તે અંગે કાનૂની નિષ્ણાતોની સલાહ લેવાનું શરૂ કર્યું છે.

હાલમાં પાટીદાર નેતા હાર્દિક પટેલના સીસીટીવી ફૂટેજનો એક વીડિયો વાઈરલ થયો છે. હકીકતમાં રાહુલ ગાંધી અમદાવાદમાં હતા પણ આમ છતાં હાર્દિક પટેલે તેમને મળવાનો ઈનકાર કર્યો હતો. જોકે જાહેરમાં હાર્દિકના આવા વલણને ખોટો સાબિત કરતા સીસીટીવી ફૂટેજ મળી આવ્યા છે. હકીકતમાં મોડી રાત્રે હોટલ તાજના સીસીટીવીમાં હાર્દિક પટેલની સૂચક હાજરી જોવા મળી છે.

આ સીસીટીવી ફૂટેજ પછી ચર્ચા ચાલી છે કે જાહેરમાં રાહુલ ગાંધીને મળવાની ના પાડનારો હાર્દિક કોઈ મોટો દાવ રમવાનું પ્લાનિંગ કરી રહ્યો છે. આ સંજોગોમાં હાર્દિકે તો રાહુલ ગાંધી સાથે ગુપ્ત મુલાકાત કરી હોવાની અટકળો ચાલી છે. જોકે આ સીસીટીવી જાહેર થતા હાર્દિકે સ્પષ્ટતા કરી છે તેણે ગુજરાતના કોંગ્રેસ પ્રભારી અશોક ગેહલોત સાથે મુલાકાત કરી હતી, રાહુલ ગાંધી સાથે નહીં. આ લીક ફૂટેજ પછી ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોતે ટ્વિટ કરતા જણાવ્યું છે કે, હું હાર્દિક અને જીજ્ઞેશને મળ્યો છું, આઈબી અને પોલીસ દ્વારા શા માટે હોટલના સીસીટીવી ફૂટેજ મંગાવ્યા? આ પ્રાઈવસીનો ભંગ છે, આ બીજેપીના ઈશારે કરવામાં આવ્યું છે.

# ચારે બાજુ 'લોચા છે', આવું કેમ ચાલે?, આપણી પાસે પ્રમાણિકતા અને સેવાનો કોઈ વિકલ્પ નથી

## આપણે કોંગ્રેસની સરકારો જોઇ છે અને ભાજપની ખુરશી પણ માપી લીધી છે

ગુજરાતમાં કોંગ્રેસ અને ભાજપની સરકારોને જોઈ ચૂકેલો મતદાર કે સામાન્ય વ્યક્તિ લોકોને સુખી અને સંપન્ન કરી શકે તેવો પ્રતિનિધિ માગી રહ્યો છે. આ ઉમેદવાર પછી તે કોઈ રાજકીય પાર્ટીનો હોય કે અપક્ષ હોય- ખરીદી શકાય તેવો ન હોવો જોઈએ. પ્રામાણિકતા, નિષ્ઠા અને સેવાનો સમન્વય હોય તેવા ઉમેદવારને શોધીને મત આપવો જોઈએ. જો આપણે કસુવાવડ કરીએ તો તે બાળક ખોડખાંપણવાળું આવી શકે છે. એવું જ રાજકારણનું છે. અધકચરો નિર્ણય આપીએ તો આપણને ખોડખાંપણવાળી સરકાર જ મળવાની છે, એટલે નિર્ણય એવો હોવો જોઈએ કે જેથી આપણને મત આપ્યાનો સંતોષ થાય અને આપણો પ્રતિનિધિ આપણો બની રહે.

**બન્ને પાર્ટીઓમાં સેવાભાવી નેતાઓ છે કે જેઓ દુખમાં લોકોની પડખે હોય છે**

ગુજરાતમાં કોંગ્રેસની સરકારો જોઈ છે અને ભાજપની પણ સરકારો જોઈ લીધી છે. હવે આપણે તેમને જોઈ લઈશું, કેમ કે આપણી પાસે વિકલ્પ આવ્યો છે. કોણે કીધું છે કે ત્રીજી શક્તિને સફળતા મળતી નથી. આપણા દેશમાં એવી કેટલીક સરકારો છે કે જ્યાં થર્ડ ફ્રન્ટ જ કામ લાગ્યો છે. ચલો આ ફ્રન્ટ સરકાર બનાવી શકતો નથી પરંતુ ક્લિન ઈમેજ ધરાવતો પ્રતિનિધિ આપણી સામે તો જુએ છે. સરકારમાં રજૂઆતો કરીને આપણને પરિણામ આપી શકે છે.

રાજ્યના કેટલાક ઉદ્યોગપતિઓની વકાલત કરીને વિધાનસભામાં પ્રશ્ન પૂછીને રૂપિયા બનાવી લેતાં પ્રતિનિધિઓ આપણે જોયાં છે. અતિ સંવેદનશીલ પ્રશ્ન પૂછીને રૂપિયા લઈને વિધાનસભામાં ગેરહાજર રહેલા ધારાસભ્યો પણ આપણે જોયાં છે. જમીન અને મિલકતોની દલાલી કરતા ધારાસભ્યો પણ ગુજરાતમાં મોજૂદ છે. જમીન સોદામાં જે સંડોવાયેલો ન હોય અને સરકાર હોવા છતાં જનતાની સાથે આંદોલનમાં ભાગ લેનારા પ્રતિનિધિ આપણને જોઈએ છે.

ગુજરાતનો ભૂતકાળ જોઈને તપાસી લેવા જેવો છે. બહું દૂર જવું નથી પરંતુ ૧૯૯૦માં શું થયું હતું તે આપણી સામે છે. નવી પેઢીને પણ ખબર છે કે ત્રીજો મોરચો સત્તામાં આવ્યો હતો. આ ચૂંટણીમાં કોંગ્રેસને ભારે પછડાટ મળી હતી. ચૂંટણીના પરિણામો આવ્યા ત્યારે કોંગ્રેસના પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી. ૧૮૨ પૈકી કોંગ્રેસને માત્ર ૩૩ બેઠકો મળી હતી, જ્યારે ભાજપને ૭૦ બેઠકો પહેલીવાર મળી હતી. ત્રીજા મોરચાના પ્રણેતા ચીમનભાઈ પટેલ હતા અને તેમને આ ચૂંટણીમાં ૬૭ બેઠકો મળી હતી. આટલી બેઠકો સાથે તેઓ મુખ્યમંત્રી બન્યા હતા. ૧૯૯૦ની ચૂંટણીમાં પણ વિક્રમસર્જક ૧૧ અપક્ષો ચૂંટણી જીતી ગયા હતા.

લોકશાહી દેશમાં તમામ નાગરિકને તેના અધિકાર મેળવવાનો હક્ક છે. પાર્ટી નહીં તો મોરચો- જે ગુજરાતની જનતાને નવી દિશા આપી શકે છે. શંકરસિંહ વાઘેલાએ એક સમયે શક્તિદળની રચના કરી હતી. આ શક્તિદળ એ પિડીતો અને અન્યાય લોકોને ન્યાય અપાવવા માટે શરૂ કરવામાં આવ્યું હતું. શક્તિદળના યુવાનો લોકોની વહારે દોડી જતા હતા. જનવિકલ્પ એ આવો જ એક સમૂહ છે જે શક્તિદળની જેમ કામ કરવાનો છે. આ વખતે શંકરસિંહ વાઘેલા ચૂંટણીના મેદાનમાં નથી પરંતુ તેમના ઉમેદવારો મેદાનમાં છે. બાપુનો દાવો છે કે તેમની પાર્ટીને બેઠકો મળશે અને તેઓ નિર્ણાયક સાબિત થશે.

આપણી ચોતરફ અરાજકતાનો માહોલ છે. મોંઘવારી મ્હો ફાડીને ઉભી છે. મધ્યમવર્ગના પરિવારનું એક પગારમાં પૂરૂં થતું નથી. માલેતુજારોને વધારે રૂપિયા ભેગા કરવાની ચાનક ચઢી છે. ગરીબ વધુ ગરીબ થતો જાય છે. ગરીબોના કોળિયા ઝૂંટવાઈ રહ્યાં છે. આપણા ગુજરાતના યુવાનો પાસે કામ નથી. તેમને સ્કીલ પ્રમાણે નોકરી મળતી નથી. ખાનગી ઉદ્યોગો પરપ્રાંતિઓને નોકરીઓ આપી રહ્યાં છે અને અન્ય પ્રદેશના દૂષણોને ગુજરાતમાં ઠલવી રહ્યાં છે. આવું કેમ ચાલે...

નોટબંધીથી પરેશાન વેપારી વર્ગ જીએસટીની ચૂંગાલમાં ફસાયો છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતો આપણને દઝાડી રહી છે. વાહનો મૂકીને સાયકલ પર ફરવાના સમય આવ્યા છે. મોંઘા શાકભાજી પણ ખેડૂતો બેહાલ છે. ખેડૂતોને પોષણક્ષણ ભાવ મળતા નથી. ખાદ્યચીજોમાં ભયંકર ભેળસેળ છે છતાં સરકાર ચૂપ છે. આરોગ્ય કેન્દ્રોમાં ડોક્ટરો અને સ્ટાફ નથી. સ્કૂલોમાં શિક્ષકો નથી. બાળકોને પીવાનું પાણી નથી. નર્મદાની નહેરમાં પાણીની લહેર દેખાય છે પરંતુ તે ખેડૂત કે તરસ્યા જન સુધી પહોંચી શકતી નથી. માર્ગો તૂટેલા છે. એસટી બસના ઠેકાંણા નથી. કાયદો અને વ્યવસ્થા પડી ભાંગી છે. છડેચોક યુવતિઓની છેડતી થાય છે. ઘરફોડ ચોરી અને લૂંટના બનાવો વધી રહ્યાં છે.




ગુજરાતમાં ખંડણીખોરોનું વર્ચસ્વ વધ્યું છે. બેન્કો તેમના લોનધારકો અને ખાતેદારોને પરેશાન કરે છે. સરકારી અમલદાર વજન ન મૂકાય ત્યાં સુધી કામ કરતા નથી. અત્યારના પ્રધાનો જનતાની સામે જોતાં નથી. સચિવાલયમાં ઈટીંગ, મિટીંગ અને ચિટીંગ ચાલે છે. મજૂર વર્ગને લઘુત્તમ વેતન મળતું નથી. કોર્ટમા લાખો કેસો પેન્ડીંગ છે. પોલીસ જનતાની ફરિયાદ લેતી નથી. આઈટીઆઈનો કાયદો બુઠ્ઠો થઈ ગયો છે. ભ્રષ્ટાચાર નિર્મૂલનની દુહાઈ દેતી સંસ્થાઓમાં જ સેટીંગ ચાલી રહ્યું છે.

**ભ્રષ્ટાચાર અને રૂપિયાની લાલચમાં અંતગ કામો કરતા નેતાને તો હરાવી દો**

સસ્પેન્ડેડ ઓફિસરો પાછા ફરજ પર ગોઠવાઈ જતા જોયા છે. દાખલા કઢાવવા માટે ચાંદલો કરવો ફરજીયાત બન્યો છે. આપણા જંગલો અને ખેતીની જમીન ઘટી રહી છે. ચારેકોર લોચા જ છે. આ લોચાને દૂર કરવા એક ઉત્તમ પ્રતિનિધિને સાથ આપવાની જરૂર છે. એવું નથી કે પ્રામાણિક પ્રતિનિધિઓ ભાજપ કે કોંગ્રેસમાં નથી. આ બન્ને પાર્ટીમાં એવા પ્રતિનિધિઓ છે કે જેમને બેનરની જરૂર નથી. પ્રામાણિકતાની મિસાલ છે. જૂનાગઢના મહેન્દ્ર મશરૂ સેવાભાવી ધારાસભ્યની વ્યાખ્યામાં આવી શકે છે. ભાજપના પુરૂષોત્તમ સોલંકી એ તેમના સમાજ માટે ખૂબ રૂપિયા ખર્ચે છે. દિકરીઓને ભણાવે છે. દિકરીઓના લગ્ન કરાવે છે. કોંગ્રેસમાં કરમશી મકવાણા એવા પ્રતિનિધિ હતા કે તેમને વિધાનસભા કે સચિવાલયમાં કોઈ અંગત કામો કરાવ્યા નથી. આ મુઠ્ઠીભર નેતાઓ પ્રજા સાથે જોડાયેલા રહ્યાં છે. ભાજપમાં અશોક ભટ્ટ અને હરેન પંડ્યા એવા બે નેતાઓ હતા કે જેમણે તેમના મતવિસ્તારના લોકોને ભગવાન માન્યા હતા તેથી તેઓ વારંવાર ચૂંટાઈ આવેલા છે.

# વડોદરા ભાજપના કાર્યકર સાથે નરેન્દ્ર મોદીએ સીધી વાત કરી

ગાંધીનગર, તા. ૨૬

ગુરુવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિવાળી પર્વની સાંજે વડોદરાના ભાજપના એક કાર્યકર સાથે દિલ્હીથી સીધી મોબાઈલ પર વાત કરી હતી અને ગઈકાલથી મોદીની એ કાર્યકર સાથેની વાતચીતની ઓડિયો ક્લિપ શહેર-ભાજપના કાર્યકરોમાં ફરતી કરી દેવાઈ છે. દિવાળીની ઢળતી સાંજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્ય શહેરો તેમજ ગ્રામ્ય કક્ષાના ભાજપના કેટલાક કાર્યકરો સાથે મોબાઈલ પર ડાયરેક્ટ વાત કરી હતી.કાર્યકરો સાથે પ્રધાનમંત્રીની સીધી વાત જાણે મેચ ફિક્સિંગ હોયતે રીતે તેમને નરેન્દ્ર મોદી કયા પ્રશ્ન પૂછશે તે અંગે પ્રદેશના નેતાઓએ જેતે કાર્યકર્તાને અગાઉથી જાણ કરી દીધી હતી. વડોદરાના કાર્યકર્તા પર પ્રદેશથી ફોન આવ્યા બાદ દિવાળીની સાંજે દિલ્હીથી ખુદ નરેન્દ્ર મોદીનો ફોન એ કાર્યકર્તા પર આવ્યો પહેલા તો પ્રધાનમંત્રીએ કાર્યકર્તાને દિવાળી પર્વની શુભેચ્છા પાઠવી હતી. નરેન્દ્ર મોદી જાણે કે આ કાર્યકરને વર્ષોથી અંગત રીતે ઓળખતા હોય તેમ પૂછ્યું કે તમારો વ્યવસાય સ્ટેશનરીને છે તે જ છે કે હવે નવો વ્યવસાય તો શરૂ નથી કર્યોને? તે પછી પ્રધાનમંત્રીએ એ કાર્યકરના ખબર અંતર સાથેનો તેમનો જૂનો નાતો યાદ કર્યો હતો. કાર્યકરે પ્રધાનમંત્રી પાસે માર્ગદર્શન માગતા એવો પ્રશ્ન કર્યો કે હાલમાં કોંગ્રેસ પક્ષ જે રીતે અપપ્રચાર કરી રહ્યું છે તે સામે હવે ભાજપના કાર્યકર્તાઓએ શું કરવું જોઈએ ?? તેના જવાબમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, જનસંઘ વખતથી આપણા નસીબમાં ગાળો લખાઈ છે. જુઠ્ઠાણા લખાયેલા છે. અગાઉ ચૂંટણી સમયે મોદીનો સોદાગર, હત્યારા, લોહીથી ખરડાયેલા એમ કહેવા કેવા શબ્દો એ લોકો વાપરતા હતા. તેમણે કાર્યકર્તાને ઊદાહરણ આપ્યું કે, તમારા વોટસ્અપ પર કોઈ રમકડું આવ્યું અને તમે સીધે સીધુ એ ફોરવર્ડ કરી દો છોને!! પહેલા અફવા કાનોકાન ફેલાવવામાં આવતી હતી હવે વોટસ્અપ એ ઝડપથી ફેલાવે છે. જેથી આવા જૂઠ્ઠાણા પર ધ્યાન આપવું નહી. અને આપણી સત્ય હકીકતો પ્રજા સુધી પહોંચાડવાની જરૂર છે. જે સાચુ અને સારું છે તે પ્રજા સુધી હિમ્મતપૂર્વક પહોંચાડજો. દિવસ-રાત એક કરીને તમે કામ કરતા રહ્યાં છો તેવું જ ચાલુ રાખજો.